


"સાંભળ્યુ...?! ફરી ભડકો થશે.!!"

"અરે..! રોજ શાના ભડકાના સમાચાર..."

"સાંભળ્યું નહીં..?! વિવાદ વધુ વકર્યો..!! નામદાર સુપ્રિમકોર્ટે 'પદ્માવતી' પરથી 'પદ્માવત' બનેલ ફિલ્મ પરનો પ્રતિબંધ હટાવી લીધો..! અને ૨૫મીએ રીલીઝ કરવા મંજુરી આપી..!!"

"તો..?!"

"તો શું..! કરણીસેના ભડકી..! અને ૨૫મીએ ભારતબંધનું એલાન કર્યુ..! પાછુ એ જ ટેન્શન એ જ તોફાનો... અને જનજીવન અસ્તવ્યસ્ત..!!"

"ખરેખર ચિંતાનો વિષય છે હો..! આપણા દેશમાં નાના-મોટા મુદ્દાઓ પર... બંધ... ચક્કાજામ... જનતા કરફ્યુ જેવા આંદોલનાત્મક શસ્ત્રો બેફામપણે વપરાય છે. 'પદ્માવતી' ફિલ્મમાં જે કંઈ વિવાદ હોય એને ઉકેલવા ભારત સરકારે પહેલ કરવી જોઈએ..! ખરૂને..?!"

"સાવ સાચી વાત છે..! અહીંયા તો વિવાદ-વિવાદ ને વિવાદ..!! સંવાદ ક્યાંય છે જ નહિ... રાજકારણમાં વિવાદ-શિક્ષણમાં વિવાદ - ધર્મમાં વિવાદ - વેપારધંધામાં વિવાદ અને હવે મનોરંજનમાં પણ વિવાદ..!!"

"એટલે કરવું શું..?! વિવાદ ઘેરા બને... અરાજકતા ફેલાય... જનજીવન ખોરવાઈ જાય અને તોફાનોના પ્રશ્નો ઉકેલવાની વાત થાય... મુળ પ્રશ્ન એક બાજુ રહી જાય..! આજ આપણી તાસીર છે - આજ આપણી તસવીર છે..!"

"અરે..! સાહેબ પાછા તમે તો કથા કરવા માંડ્યા..! સરકારે જ સેન્સર બોર્ડ, સંજયલીલા ભણશાલી અને કરણીસેનાને સાથે બેસાડી ઘડીના છઠ્ઠા ભાગમાં ઉકેલ આપવો જોઈએ. પ્રજાનો શું વાંક છે..?! તોગડીયા ગુમ થાય તો ચક્કાજામ - જીએસટીમાં વધારો થાય તો વેપાર બંધ - પોલીસ બેદરકાર રહે તો બંધનું એલાન..!!"

"સો ટકા..! એક બાજુ વિકાસના ગાણા ગાવાના... ને બીજી તરફ બંધના એલાનો થાય તેવી સ્થિતિ સર્જવાની..!! આ તો 'ચોરને કે ચોરી કર અને પોલીસને કે પકડી લાવ' જેવો ઘાટ છે..!!"

"આને જ રાજકારણ કહેવાય..!"

"સાહેબ..! બધે રાજકારણ ના લવાય..! એ લોકસભાને વિધાનસભા પુરતુ રાખો અમને કોઈ વાંધો નથી..! પણ તમે તો રાજકારણનો વાયરસ બધે ફેલાવ્યો છે..!! રોજ આ જ કથા ને આજ કકળાટ... ક્યાં વિકાસવાદ - ક્યાં માનવતાવાદ..?! ખમૈયા કરો ખમૈયા..!!"

"... પણ કોઈકે તો પહેલ કરવી પડશે ને..?! ક્રાંતિની મશાલ કોઈકે તો પકડવી પડશે ને..?! બધાને સીધા દોર કરવા માટે પ્રજાએ જાગૃત બનવું પડશે..! અવાજ બુલંદ કરવો પડશે..!"

"હા...હા...હા..! એવી તો બહુ વખતથી આપણે વાતો કરીએ છીએ... પણ..."

"... પણ બણ કંઈ નહીં... અન્યાય અને અરાજકતા સામે સૌએ એક થવું પડશે - નેક થવું પડશે... ખુમારી અને ખુદ્દારીપૂર્વક પ્રતિકાર કરવો પડશે..! રાજકારણના વાયરસને નેસ્તનાબુદ કરવો પડશે..! અને રાજકારણીઓને મર્યાદામાં રાખવા પ્રજાએ આંખ લાલ કરવી પડશે..! અને જે ભાષામાં સમજે તે જ ભાષામાં તેમને સમજાવવા પડશે..!"

- નિમિત્ત માત્ર

# વિધાનસભાનું પ્રથમ સત્ર ૧૯મી ફેબ્રુઆરીથી આરંભાશે

**નવા સાજ સજેલા વિધાનસભા સંકુલમાં મળશે : ૨૦મી ફેબ્રુઆરીએ બજેટ રજૂ થશે : અધ્યક્ષશ્રીની ચૂંટણી : વિભાગવાર માંગણીઓ, સરકારી વિધેયકો સહિતની મહત્વની કામગીરી માટે : ૨૭ કામકાજના દિવસમાં ૨૮ બેઠકો મળશે : મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા**

ગાંધીનગર, તા.૧૮

કાયદો, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજ્ય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું છે કે, ૧૪મી વિધાનસભાનું પહેલું સત્ર આગામી તા. ૧૯ ફેબ્રુઆરીના રોજ નવા જ સાજ સજેલા વિધાનસભા સંકુલમાં મળશે.

મંત્રીશ્રી જાડેજાએ વધુ માહિતી આપતા જણાવ્યું છે કે, ૧૪મી વિધાનસભાનું પ્રથમ સત્ર ૨૮ માર્ચ સુધી એટલે કે, એકંદરે ૨૭ કામકાજના દિવસ દરમ્યાન મળશે. જે દરમ્યાન વિધાનસભાની ૨૮ બેઠકો મળશે. તેમણે એમપણ જણાવ્યું હતું કે, સત્રના પ્રથમ દિવસે અધ્યક્ષશ્રીની ચૂંટણી હાથ ધરાશે. ત્યારબાદ, રાજયપાલશ્રી ગૃહને સંબોધન કરશે. તા. ૨૦મી ફેબ્રુઆરીના રોજ નાણા મંત્રીશ્રી રાજયનું અંદાજપત્ર રજૂ કરશે.

આ ઉપરાંત આ પ્રથમ સત્ર દરમ્યાન રાજ્યપાલશ્રીના સંબોધન ઉપરના આભાર પ્રસ્તાવ ઉપર ૩ દિવસ ચર્ચા થશે, પૂરક માંગણીઓ પર ૨ દિવસની ચર્ચા બાદ ૪ દિવસ અંદાજપત્રની સામાન્ય ચર્ચા ચાલશે. મંત્રીશ્રી એ વધુમાં જણાવ્યું હતું કે, વિભાગવાર માંગણીઓ પરની ચર્ચા ૧૨ દિવસ ચાલશે. આ સત્રની કામગીરી દરમ્યાન વિવિધ સરકારી વિધેયકો અને બિન સરકારી કામકાજ પણ હાથ ધરવામાં આવશે. એમ પણ મંત્રીશ્રી જાડેજાએ અંતમાં જણાવ્યું હતું.


## સીટી પલ્સ થિયેટર બહાર ફિલ્મ પદ્માવત મામલે વિરોધ પ્રદર્શન



'પદ્માવતી' ફિલ્મનો વિરોધ વકરતા તેનું નામ બદલીને 'પદ્માવત'ના નામે રીલીઝ કરવાનો નિર્ણય લેવાયો છે. આ નિર્ણય બાદ પણ ફિલ્મ રીલીઝ ન થવા દેવા કરણી સેનાએ મક્કમપણે હૂંકાર કર્યો હતો. જેને પગલે ગુજરાત સહિતના કેટલાક રાજ્યોમાં સરકારે ફિલ્મ રીલીઝ પર બેન લગાવ્યો હતો. સુપ્રિમ કોર્ટ દ્વારા આજે ચુકાદો આવ્યો કે ફિલ્મ રીલીઝ કરી શકાશે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવાની જવાબદારી રાજ્યના સંબંધીત તંત્રોની છે. ફિલ્મ રીલીઝને લીલી ઝંડી મળતા આજે ઠેર ઠેર વિરોધ પ્રદર્શન થયા હતા. ગાંધીનગર પાસે સીટી પલ્સ થિયેટરના પાર્કીંગમાં ટાયર સળગાવીને વિરોધ પ્રદર્શન કરાતા પોલીસ પણ દોડતી થઈ ગઈ હતી.

# દાંડી કુટીર નિહાળી વિશ્વ શાંતિ મિશનના ૪૦ વિદેશી પ્રતિનિધિઓ ભાવુક બન્યા

**ભારત સહીત અમેરિકા, જાપાન ઓસ્ટ્રેલિયા ઇઝ્રાઇલ કેનેડા સહીતના દેશના પ્રતિનિધિઓએ મુલાકાત લીધી : અમેરિકાના પ્રતિનિધિએ હવાઇ આઇલેનનુ મીઠુ પ્રતિકરૂપે સોલ્ટ માઉન્ટને અર્પણ કર્યુ**





ગાંધીનગર તા ૧૮

મહાત્મા મંદિર નજીક સ્થિત દાંડી કુટીરની વિશ્વ શાંતિ મિશનના પ્રતિનિધિઓએ મુલાકાત લીધી હતી. વિશ્વ શાંતિ મિશનના ૪૦ જેટલા પ્રતિનિધિઓએ જુદા જુદા દેશમાંથી દાંડી કુટીરની મુલાકાત લીધી હતી. અમેરિકા , ઓસ્ટ્રેલિયા જાપાન સહીતના દેશોમાંથી આવેલા મંડળના સભ્યો દાંડી કુટીરમાં ગાંધીજીના જીવન ચરિત્રનો ચિતાર નિહાળી દંગ રહી ગયા હતા. આ અદભુત પ્રદર્શનમાં ગાંધીજીના જીવનની ઝાંખી પ્રસ્તુત કરવામાં આવી છે. જે નિહાળીને વિદેશી પ્રતિનિધિઓ ભાવુક બન્યા હતા.

નગરની આગવી ઓળખ સમાન દાંડી કુટીરમાં ગાંધીજીના જીવન દર્શનને વણી લેતા જુદા જુદા પ્રસંગો અદભુત પ્રસ્તુતિ કરવામાં આવી છે. ગાંધીજીના જીવન સાથે વણાયેલા પ્રસંગોને તાદ્રશ્ય રજુ કરતા પ્રદર્શનમાં ઓડિયો વિઝયુઅલ સમન્વય જોવા મળે છે. આ દાંડી કુટીરને નિહાળવા માટે આજે વિશ્વ શાંતિ મિશનના સભ્યોએ કુટીરની મુલાકાત લીધી હતી. વિશ્વના વિવિધ દેશોમાંથી ૪૦ જેટલા પ્રતિનિધિઓએ દાંડી કુટીરની મુલાકાત લીધી હતી. જેમાં ભારતના વિવિધ મહારાષ્ટ્ર , બેંગ્લોર, કેરલ, હરિયાણા સહીતના રાજયો ઉપરાંત અમેરિકા , જાપાન , ઓસ્ટ્રેલિયા, પાકીસ્તાન, ઈઝરાઈલ અને કેનેડાના વિશ્વ શાંતિ મંડળના પ્રતિનિધિઓનો

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ૪૦૦ નીલગાય રખડતી હોવાનો અંદાજ

**નીલગાયના આતંકને ડામવા વનવિભાગ પણ માથુ ખંજવાળે છે : નદી કીનારા વિસ્તારમાં પણ નીલગાયના ટોળા : ગાંધીનગર એરપોર્ટ માર્ગ પર રોડ સેફ્ટીને અનુલક્ષી લોખંડની ગ્રીલ : શહેરમાં પૈડા પરની જિન્દગી જોખમમાં : રોપા ઉછેર પ્રવૃતિને પણ નુકશાન**

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરમાં રખડતા ઢોરનો ત્રાસ વધી ગયો છે. ત્યારે નીલગાયનુ પ્રમાણ પણ વિશેષ હોવાથી પૈડા પરની જિન્દગી વધુ જોખમી બની છે. શહેરના વનઆરક્ષિત વિસ્તારમાં પણ નીલગાય રખડતી જોવા મળી રહી છે. શહેરમાં એક અંદાજ મુજબ ૪૦૦ જેટલી નીલગાય હોવાનુ મનાય છે. પાટનગરને નીલગાયનો આતંક ભરખી ગયો છે. પરંતુ આ મામલે વનવિભાગથી પણ માથુ ખંજવાળવા સિવાય હજુ સુધી બીજુ કાંઈ થઈ શકયુ નથી. શહેરી વિસ્તારમાં સ્થિત ગામોના નદી કીનારામાં પણ નીલગાયના ટોળા ફરતા નજરે પડે છે.

ગાંધીનગર જિલ્લામાં નીલગાયનો ત્રાસ વિશેષ છે. જયારે ગાંધીનગર અમદાવાદ માર્ગ આસપાસ પણ નીલગાય રખડતી જોવા મળે છે. એરપોર્ટ જવાના માર્ગ પર વી વી આઈ પી ની અવરજવરને ધ્યાને લઈ આસપાસ લોખંડની ગ્રીલ પણ સુરક્ષા માટે લગાવી દેવામાં આવી છે. આ કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. નીલગાય ઉપરાંત અન્ય રખડતા ઢોરના લીધે માર્ગ સલામતી સામે મોટો પ્રશ્ન મંડરાયો છે. ગાંધીનગર શેહરી વિસ્તારમાં પણ નીલગાયનો આંતક હજુ પણ યથાવત છે. શહેરી વિસ્તારમાં પણ નીલગાયના લીધે

● અનુસંધાન પાન-૭ પર




## બેસણું/પઘડી

અમારા પરમ પૂજ્ય માતાશ્રી **રૂક્ષમણીબેન માઇનોમલ ગુરૂબક્ષાણીનું** દુઃખદ અવસાન તા-૧૭/૦૧/૨૦૧૮ ના રોજ થયેલ છે. **સદગત બેસણું/પઘડી તા. ૧૯/૦૧/૨૦૧૮ના રોજ શુક્રવારે સમય સાંજે ૫.૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળઃ "સિંધુધામ", ઝુલેલાલ સાંઇબાબા મંદિર, સેક્ટર-૩૦, ગાંધીનગર.**

**શોકાતુર**

| | |
|---|---|
| હરિશ એમ ગુરુબક્ષાણી (પુત્ર)<br>એસ .એસ.એન.એન.લી, ગાંધીનગર | ભાવિક એચ ગુરૂબક્ષાણી(પૌત્ર)<br>શિક્ષક, મુડેટી, ઇડર |
| પ્રકાશ એમ ગુરુબક્ષાણી(પુત્ર)<br>જય જલારામ બુક સેન્ટર,<br>મીનાબજાર , ગાંધીનગર | પવન પી ગુરૂબક્ષાણી (પૌત્ર)<br>ન્યુ જલારામ બુક સેન્ટર,<br>કુડાસણ, ગાંધીનગર |
| રાકેશ એમ ગુરૂબક્ષાણી(પુત્ર)<br>જય જલારામ મોબાઇલ, મીનાબજાર, ગાંધીનગર | |

**સમસ્ત સહ પરિવાર**

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ



**શુભમ્ અશોકભાઈ કાપડિયા**
સ્વર્ગવાસ તા. ૧૯/૧/૨૦૧૭

સમય પહેલા જાણે સૂર્યાસ્ત થઈ ગયો,
ખીલી હતી વસંત ત્યાં પાનખર આવી ગઈ,
તારી અણધારી વિદાય અમારા દિલોને
ધરતીકંપની જેમ ધ્રુજાવી ગઈ,
સદાય હસતો, હસાવતો બધાને રડાવીને
ક્ષણભરમાં ચાલ્યો ગયો.

અમારા દિલની ધડકન, દેહથી ભલે દૂર થયો પણ આત્માથી હંમેશા સમીપ છે, હે પ્રભુ, હે ભોળાનાથ તમને અંતઃકરણથી પ્રાર્થના કરીએ છીએ કે અમારા જીગરનો ટુકડો જ્યાં હોય ત્યાં તેના દિવ્ય આત્માને પરમ શાંતિ, પ્રેમ ખૂબ જ સુખ અર્પે અને અધુરી બધી મનોકામના પૂર્ણ કરી વૈકુંઠમાં વાસ આપજો.

**લિ.**
રમણભાઈ શંકરભાઈ પરમાર (દાદા)
તારાબેન રમણભાઈ પરમાર (દાદી)
અશોકભાઈ રમણભાઈ કાપડિયા (પપ્પા)
લલિતાબેન અશોકભાઈ કાપડિયા (મમ્મી)
જૈમિનીબેન અશોકભાઈ કાપડિયા (બહેન)

**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧


# જિલ્લાની પાંચ બેઠકો પર ઉમેદવારોનો ૩ કરોડથી વધુ ખર્ચ

**સૌથી વધુ ખર્ચ ભાજપના શંભુજી ઠાકોરે કર્યો તો સૌથી ઓછો ખર્ચ માણસાના અપક્ષ ઉમેદવારે કર્યો : ભાજપ-કોંગ્રેસના ઉમેદવારોએ ૧,૬૪,૧૫,૫૪૨નો ખર્ચ કર્યો**

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત વિધાનસભાની જિલ્લાની પાંચ બેઠકો પર ઉભા રહેલા ૪૮ ઉમેદવારોએ રૂ. ૩ કરોડથી વધુનો ખર્ચ તેમના પ્રચાર અભિયાન દરમ્યાન કર્યો છે.

ચૂંટણી પંચે વિધાનસભાની બેઠક પર ઉમેદવારને લડવાની ખર્ચ મર્યાદા રૂ. ૨૮ લાખ નિયત કરેલ છે. ખર્ચ પર નિયંત્રણ રાખવા માટે પંચે ખાસ નીરીક્ષકોની પણ નિયુક્તી કરી હતી. આજે હિસાબો રજુ કરવાના અંતિમ દિવસે ઉમેદવારોએ જે હિસાબો રજુ કર્યા છે તે માન્ય રાખી અને ચૂંટણી પંચને તેનો અહેવાલ પણ મોકલી આપેલ છે.

જિલ્લાની પાંચેય બેઠક પર ઉમેદવારોએ સૌથી વધુ ખર્ચ ગાંધીનગર (ઉ)ની બેઠક પર કર્યો છે જે લગભગ ૫૫ લાખની આસપાસ જવા થાય છે.

ઉમેદવાર તરીકે સૌથી વધુ ખર્ચ ભાજપના ગાંધીનગર (દ) બેઠક પરના ઉમેદવાર શંભુજી ઠાકોરે કર્યો છે. જે ૨૧,૨૩,૮૫૪ રૂ. જેટલો છે. જ્યારે આ પછી બીજા ક્રમે ગાંધીનગર (દ) બેઠકના જ કોંગ્રેસના ઉમેદવાર ગોવિંદજી ઠાકોરે કર્યો છે જે ૨૦,૦૭,૭૪૨ રૂ. જેટલો છે. આ બેઠક પર ચૂંટણી લડતા પાંચ જેટલા ઉમેદવારોને લોકો તરફથી ૨.૫૦ લાખથી પણ વધુ રકમનો ફાળો મળ્યો છે. જેમાં બસપાના ઉમેદવાર પિયુષભાઈ જાદુગરને ૧ લાખ ૭૦ હજાર જેટલો ફાળો તેમના સમર્થકો અને શુભેચ્છકો તરફથી મળ્યો હતો.

માણસાની બેઠક પર ચૂંટણી લડતા ભાજપના ઉમેદવાર અમીતભાઈ ચૌધરીને રૂ. ૭૫ હજાર જેટલી મદદ પણ ફાળાપેટે મળી હતી. જિલ્લાની ગાંધીનગર (દ) બેઠક પરના બે મુખ્ય સ્પર્ધક શંભુજી ઠાકોર અને ગોવિંદજી સોલંકીને પક્ષ તરફથી ૨૦ લાખ-૨૦ લાખ આપવામાં આવ્યા હતા.

ગાંધીનગર (ઉ) બેઠક પર ભાજપના અશોક પટેલે ૧૮,૬૬,૩૫૩ રૂ.નો ખર્ચ કર્યો હતો તો કોંગ્રેસના ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડાએ ૧૮,૫૪,૭૧૪ રૂ.નો ખર્ચ કર્યો હતો. આ બેઠક પર જંગમાં ઝુકાવનાર એનસીપીના ઉમેદવાર રોહિત નાયાણીએ ૭,૩૩,૩૮૧નો ખર્ચ કર્યો હતો. તો

● અનુસંધાન પાન-૭ પર


**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


## "સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર

## 'રાજધાનીનાં રતન'

'સંસ્કૃતિ' દ્વારા ગાંધીનગર શહેર અને જિલ્લામાં વસતા કલાકારોની એક ડિરેકટરી બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ કામગીરી તેના સક્રિય તબક્કામાં પ્રવેશી ચૂકી છે ત્યારે સંસ્થા દ્વારા એવી કાળજી લેવાઈ રહી છે કે આ ડિરેકટરીમાં પાટનગરના તમામ અગ્રણી તેમજ જેમનું પ્રદાન નોંધનિય છે અને જેમનું પ્રદાન અત્યંત આશાસ્પદ છે એવા તમામ કલાકારોનો આમાં સમાવેશ થઈ જાય. આ માટે તમામ કલાકારોને ફરીથી વિનંતી કરવામાં આવે છે જેઓએ આ કલા ડિરેકટરી માટે પોતાની વિગતો ન આપી હોય તો સત્વરે આપીને આ એક કલા વિષયક સેવા પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે.

**નિયત ફોર્મ મેળવવા માટે સંપર્ક :**

| | |
|---|---|
| **ડૉ. ચેતના અ. બુચ**<br>પ્લોટ નં. ૨૨૦, અષ્ટલક્ષ્મી એપા.,<br>સેકટર-૨૦, ગાંધીનગર<br>મો. ૯૮૨૫૮ ૧૬૦૧૮ | **શ્રી હરેશ કે. ઠાકર**<br>પ્લોટ નં. ૨૩૧/૧, ડી-ટાઈપ,<br>જુના એમ.એલ.એ. કવાર્ટર, સે.૧૭,<br>ગાંધીનગર. મો. ૯૪૨૭૩ ૧૭૪૪૯ |
| **મનોજ શુકલ**<br>મંત્રી-૯૮૨૫૮ ૭૯૫૨૯ | **રમેશ પટેલ**<br>પ્રમુખ, 'સંસ્કૃતિ' સંસ્થા |

સ્થળ સૌજન્ય : કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. ફોન : ૨૩૨૧૧૪૮૯, ૨૩૨૪૩૬૨૩

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com